વડીલોને વંદન અભિનંદન

ઈલાબેન અમૃતભાઈ મોઢ
(૧૯૪૨)ફોનઃ ૬૫૭૩૭૫૨૩

મિનાબેન એસ.પંડ્યા.
(૧૯૫૦)મો.૯૯૭૯૯૭૧૯૭૯૧

જોઈતારામ પ્રભુદાસ પટેલ
(૧૯૩૩)મો.૯૯૦૯૯૧૨૮૫૪

વિશ્વ ગુજરાતી સમાજની મહા સમિતિમાં ચંદ્રાબેન શ્રીમાળીની નિયુકિત

ગાંધીનગર, તા.૨

છેલ્લા ૨૫ વર્ષથી સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓ દ્વારા ચલાવાતી સંસ્થા વિશ્વ ગુજરાતી સમાજની મહાસમિતિના સભ્ય પદે ગાંધીનગર નિવાસી ચંદ્રાબેન શ્રીમાળીની વરણી કરાઈ છે.

ચંદ્રાબેન શ્રીમાળી પૂર્વ ધારાસભ્ય હોવા ઉપરાંત વિખ્યાત નારીવાદી વાર્તાકાર અને કવયિત્રી છે. વિશ્વ ગુજરાતી સમાજની મહાસમિતિમાં તેમની નિયુકિત બદલ શહેરના સાહિત્યકાર મિત્રો અને પરિવારજનોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

યુનિવર્સિટી સેનેટની છ બેઠકો પર એનએસયુઆઈનો વિજય

સેનેટની ૮ અને વેલ્ફેરની ૧૪ સીટ માટે યોજાયેલી ચૂંટણી બાદ મતગણતરી હાથ ધરાઈ : એનએસયુઆઈનો સપાટો

અમદાવાદ,તા. ૨

ભારે વિવાદ બાદ ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની આઠ અને બોર્ડ ઓફ સ્ટુડન્ટ વેલ્ફેરની ૧૪ બેઠકો માટે યોજાયેલ ચૂંટણીની આજે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સેનેટની આઠમાંથી છ બેઠકતો પર એનએસયુઆઈનો વિજય થયો છે. જ્યારે બે બેઠકો પર એબીવીપીનો વિજય થયો છે. તો ડેન્ટલ અને મેડિકલની બેઠકો ઉપર એબીવીપીના ઉમેદવારો બિનહરીફ જાહેર થયેલ છે.

ગુજરાત યુનિવર્સિટીમાં આજે સેનેટની આઠ બેઠકો માટે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. આ આઠ બેઠકોમાંથી છ બેઠકો પર એનએસયુઆઈના ઉમેદવારો અને બે બેઠકો પર એબીવીપીના ઉમેદવારનો વિજય થયો છે. આ વિજેતા ઉમેદવારમાં એનએસયુઆઈમાંથી પીજી આર્ટ્સમાં દિવ્યરાજ ગઢવી, લોમા યશવંત વાઘેલા, બીએડમાં ગોવિંદ ચૌધરી, પીજી કોમર્સમાં દીપક બારોટ, યુજી સાયન્સમાં યોગેશ કલસરિયા, યુજી આર્ટ્સમાં તપનસિંહ ગોહિલનો વિજય થયો છે. જ્યારે એબીવીપીમાંથી પીસી સાયન્સમાં નિસર્ગ વ્યાસ અને યુજી કોમર્સમાંથી મિરાજ ચૌધરીનો વિજય થયો છે. ઉલ્લેખનીય છે કે, મંગળવારે મતગણતરી સ્થગીત કરાયા બાદ યુનિવર્સિટી સત્તાધીશોએ કાયદાકીય સલાહના આધારે ગ્રામ્ય વિસ્તારના ત્રણ મતદાન કેન્દ્રો પેટલાદ, ભાદરણ, પીપળિયાની મતગણતરી આજે સવારે પ્રથમ તબક્કામાં હાથ ધર્યા બાદ તમામ બેઠકોની મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે હાથ ધરાયેલ આ મતગણતરી દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં મિડિયાના પ્રવેશ પર પણ પ્રતિબંધ મુકાયો હતો. મતગણતરી સમયે એબીવીપીના બે, એનએસયુઆઈના બે અને યુનિવર્સિટીના બે અધિકારીઓ જ સેનેટ હોલમાં હાજર રહ્યા હતા. આ પહેલા શનિવારે યુનિવર્સિટીના કુલપતિ એમ.એન. પટેલે એબીવીપી અને એનએસયુઆઈના પ્રતિનિધીઓ સાથે મંત્રણા કર્યા બાદ કાયદાકીય સલાહના આધારે ફરી મતદાન કરવાની જગ્યાએ મતગણતરી કરવાનો નિર્ણય કર્યો હતો.

દરમિયાન એનએસયુઆઈ અને એબીવીપીના કાર્યકરો વચ્ચે ફરી મતગણતરી મામલે કુલપતિની ઓફિસમાં જ મારામારી થઈ હતી. જો કે, પાછળથી બંને પક્ષો ફરીથી મતગણતરી માટે સહમત થયા હતા.

આજે ધોરણ ૧૨ સાયન્સ અને કોમર્સની હોલટિકિટનું વિતરણ

અમદાવાદ,તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તારીખ ૧૩ માર્ચથી લેવાનારી ધોરણ ૧૨ સાયન્સ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહની પરીક્ષાની હોલટિકિટનું વિતરણ આવતીકાલે સ્કૂલોને કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના આચાર્યોને પોતાના અધિકારપત્ર સાથે હોલટિકિટ જિલ્લા વિતરણ કેન્દ્રોથી મેળવી લેવા તાકીદ કરી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તારીખ ૧૩ માર્ચથી ધોરણ ૧૨ સાયન્સ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહની પરીક્ષા લેવામાં આવનારી છે.

આ પરીક્ષામાં બેસવા માટે ફરજીયાત એવી હોલ ટિકિટનું વિતરણ આવતીકાલે જિલ્લા વિતરણ કેન્દ્રો ખાતેથી સવારના ૧૦થી બપોરના ૪ કલાક દરમિયાન કરવામાં આવનાર છે તેથી શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના આચાર્યોને પોતાના અધિકારપત્ર સાથે હોલ ટિકિટ જિલ્લા વિતરણ કેન્દ્રોથી મેળવી લેવા તાકીદ કરી છે. ત્યારબાદ શાળાઓએ હોલ ટિકિટ પર શાળાના સહી સિક્કા કરીને વિદ્યાર્થીઓમાં વિતરણ કરવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે, હોલ ટિકિટ વગર વિદ્યાર્થીઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ આપવામાં આવતો નથી. હોલ ટિકિટ વગર પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થીઓને પરીક્ષા આપવાથી હાથ ધાવો પડતા હોવાથી વિદ્યાર્થીઓ માટે હોલ ટિકિટ મેળવવી પરીક્ષા જેટલી જ મહત્વની છે.

પ્રાંતિજ તાલુકામાં લાંબો સમય રાહ જોવડાવ્યા બાદ વિજ કનેક્શનો રદ કરી દેવાતા ખેડૂતો કફોડી સ્થિતિમાં

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં અસંખ્ય ખેડૂતોના વિજ કનેક્શનો વિજ કંપનીએ રદ કરી દેતા કાગડોળે વિજળીની રાહ જોઈ રહેલા કિસાનો નિરાશામાં ધકેલાઈ ગયા હતા. માત્ર આટલું જ નહી પરંતુ આ બાબત અંગે વિદ્યુત કંપનીના કર્મચારીઓ દ્વારા આ ગરીબ અને મધ્યમ વર્ગીય ખેડૂતોની એક પણ વાત કાને ન ધરતા કિસાનોની આજીવિકા પર પ્રશ્નોર્થ ચિહ્ન લાગી ગયું છે.

પ્રાંતિજ નજીક આવેલ સલાલ વિસ્તારના ખેડૂતોએ સરકારી વિજકંપની યુજીવીસીએલ દ્વારા કરાયેલ તત્કાલ કનેક્શન સહિતની વિવિધ જાહેરાતો પ્રમાણે વિજકચેરીમાં કનેક્શન મેળવવા અરજીઓ કરી હતી. આ માટે કનેક્શન ફોર્મ સાથે તેની ફી પણ ભરી હતી. વિદ્યુત કંપની દ્વારા લાંબા સમય સુધી રાહ જોવડાવ્યા બાદ વિવિધ કારણો આગળ ધરી કંપનીએ અરજીઓ રદ કરી દેતા ખેડૂતો માટે 'જાયે તો કહાં જાયે' જેવી સ્થિતિ પેદા થવા પામી હતી. વારંવાર કુદરતી આફતોનો સામનો કરી રહેલા ખેડૂતોને એક જ સર્વે નંબર પર બે કનેક્શન નહી આપી શકાય તેમજ તાત્કાલિક બોર કુવાની સુવિધા સહિતની બાબતો આગળ ધરી વિજ કંપનીએ કિસાનોને નોટીસ આપ્યા વિના કે વાકેફ કર્યા વગર જ કનેક્શનો રદ કરી દીધા હતા.

કેટલાક મંજૂર થયેલા કનેક્શનો માટે વિજ થાંભલા પણ ભા કરી દેવાયેલા હતા પરંતુ લાંબા સમય સુધી ડીપીની રાહ જોવાઈ રહી છે ત્યારે ગુજરાતમાં ચોવીસ કલાક વિજળીની સુવિધાની વાતો કરતા મુખ્યમંત્રીના રાજમાં અંધેર વહીવટ જણાઈ આવ્યો હતો. ખેડૂતોએ તેમના સમર્થનમાં કોઈ રાજકીય આગેવાનો હકીકત જાણતા હોવા છતાં આગળ ન આવતા જાતે જ સંગઠિત થઈ આગામી ૧૫મી માર્ચ સુધીમાં ઉર્જા પ્રધાન અને જરૂર પડે તો રાજ્યના મુખ્યમંત્રીને રજૂઆત કરવાનો નિર્ધાર કર્યો છે.

ઓરણમાં મુસ્લિમ યુવતીએ ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા.૨

તાલુકાના ઓરણ ગામમાં રહેતી મુસ્લિમ યુવતીએ અગમ્ય કારણસર ગળે ફાંસો ખાઈ પોતાનું આયખું ટુંકાવી નાખતા મુસ્લિમ પરિવારના માથે આભ ફાટી પડયું હતું. ઘટનાની જાણ પ્રાંતિજ પોલીસને કરતા પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે. તાલુકાના ઓરણ ગામે ઈમરાનભાઈ ગુલાબખાન પઠાણ પોતાની પત્ની સાથે રહે છે. જેઓ ફેબ્રીકેશનનો વ્યવસાય કરે છે. આજ રોજ ઈમરામભાઈ પોતાના કામાર્થે જતા ઘરમાં તેમના પત્ની આસિમાબાનું એકલા હતા ત્યારે આસિમાબાનું (ઉ.વ.૨૭)એ પોતાના ઘરમાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે.

મરનારની બહેન સલમાબેને ઘટનાની જાણ પ્રાંતિજ પોલીસને કરતા પી.આઈ. ભરતભાઈ પટેલ અને તેમનો સ્ટાફ તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને લાશને પોસ્ટ મોટર્મ માટે સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

યુ.એસ.એફ.ડી.એ.ના કન્ટ્રી ડાયરેક્ટર ડૉ. અલતાફ એ. લાલની ગુજરાતની મુલાકાત

ગાંધીનગર, તા. ૨

તા. ૩ અને ૪ માર્ચના રોજ ડૉ. અલતાફ એ. લાલ, કન્ટ્રી ડાયરેક્ટર, યુ.એસ.એફ.ડી.એ. તેઓની ટીમ સાથે ગુજરાત રાજ્યની મુલાકાત લેનાર છે. ગુજરાત રાજ્યની આ મુલાકાત દરમ્યાન તેઓ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની, ગાંધીનગર ખાતે આવેલ મુખ્ય કચેરીની મુલાકાત લઈ તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કામગીરી અંગે ચર્ચા કરનાર છે તેમજ રાજ્યમાં નવી દવાઓના સંશોધન સાથે સંકળાયેલ રીચર્સ સેન્ટરોની અને તંત્રની વડોદરા સ્થિત ખોરાક અને ઔષધ લેબોરેટરીની મુલાકાત લેનાર છે.

યુ.એસ.એફ.ડી.એ. કે જે દુનિયામાં હાઈએસ્ટ સ્ટાન્ડર્ડ ધરાવતુ એફ.ડી.એ છે તેઓએ તેની કચેરી ભારત ખાતે શરૂ કરેલ છે. દેશના ફાર્મા ઉદ્યોગ પૈકી રાજ્યના ફાર્મા ઉદ્યોગોની ગુણવત્તાયુક્ત દવાઓ અને વ્યાજબી ભાવે દવાઓ સપ્લાય કરવાની ક્ષમતાને ધ્યાને લઈ, દવા ક્ષેત્રના ગુજરાતની અગત્યતાને ધ્યાને લઈ તેમજ રાજ્યની લગભગ ૪૦ જેટલા ઉત્પાદકો યુ.એસ.એફ. ડી.એ.ની માન્યતા ધરાવે છે અને યુ.એસ.માં દવાની નિકાસ કરે છે તેમજ રાજ્યના ઉત્પાદકો દ્વારા નિકાસ થતી દવાઓ ઉત્તમ ગુણવત્તા ધરાવતી હોઈ અને આ દવાઓ યુ.એસ.એફ.ડી.એ.ના ધારાધોરણો પ્રમાણે પણ પ્રમાણિત થતી હોઈ તથા ગુજરાતના ઉત્પાદકો ધારાધોરણ બાબતમાં કોઈ બાંધછોડ કરતા ન હોઈ તેમજ તંત્રની અસરકારક કામગીરી વિગતો બાબતોના અભ્યાસ સારૂ તેઓએ આ મુલાકાત ગોઠવેલ છે.

ડૉ. અલતાફ એ.લાલ, કન્ટ્રી ડાયરેક્ટર, યુ.એસ. એફ.ડી.એ.ની આ મુલાકાતથી રાજ્યના દવા ઉદ્યોગને યુ.એસ.માં દવા નિકાસ કરવામાં ફાયદો થશે અને રાજ્યનું ફાર્મા ક્ષેત્રનું ગૌરવ વધશે.

ગાંધીનગરની બેઠક ૨૫ વર્ષથી 'આયાતી' ઉમેદવાર માટે ખાસ

બાજપેયી બે વખત જીત્યા હતા તે બેઠક શંકરસિંહે કુરબાન કરેલી છે

ગાંધીનગરની લોકસભા બેઠક પરથી ૧૯૮૯માં ચૂંટણી જીતી ચૂકેલા હાલના કોંગ્રેસના સિનિયર નેતા શંકરસિંહ વાઘેલાએ આ બેઠક ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણી માટે ખાલી કરી આપી હતી. આ બેઠક પર પ્રતિષ્ઠાનો જંગ ખેલાય છે. કોંગ્રેસના સોમચંદ સોલંકી અને ભાજપના અટલ બિહારી વાજપેયી બે વાર જયાંથી ચૂંટણી જીતી ચૂક્યા છે તે બેઠક ઉપર ફરી લાલકૃષ્ણ અડવાણી દાવો કરી રહ્યાં છે. ભાજપની પહેલી યાદીમાં તેમનું નામ નહી હોવાથી તેઓ નારાજ છે પરંતુ પાર્ટીએ ગુજરાતની એકપણ બેઠક ઉપર ઉમેદવારનું નામ જાહેર કર્યું નથી...

૧૯૯૧માં અડવાણી આ બેઠક પરથી પ્રથમવાર લોકસભાની ચૂંટણી જીત્યા હતા, ત્યારબાદ તેમણે બે વખત વાજપેયી માટે જગ્યા કરી આપી હતી. વાજપેયીએ બેઠક ખાલી કરી ત્યારે આવેલી પેટાચૂંટણીમાં ભાજપના વિજય પટેલ કોંગ્રેસના રાજેશ ખન્ના સામે વિજયી બન્યા હતા. એ પછી ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૪ અને ૨૦૦૯ એમ કુલ પાંચ ટર્મથી અડવાણી આ બેઠક પરથી ચૂંટાઈને સાંસદ બન્યા છે. ૧૯૯૯માં ભારતના ચૂંટણી કમિશનર રહી ચૂકેલા અને કોંગ્રેસના ઉમેદવાર બનેલા ટી.એન.શેષાન પણ અડવાણી સામે ચૂંટણી લડ્યા હતા પરંતુ તેઓ હારી ગયા હતા. આઈપીએસ પી.કે.દત્તાને પણ હારનો સામનો કરવો પડ્યો હતો. ૨૫ વર્ષથી આ બેઠક આયાતી ઉમેદવારો માટે ખાસ બની ચૂકી છે...

રાહુલના શબ્દો ગુજરાતમાં સાચા પડશે..?!

રાહુલ ગાંધી તેમના ચૂંટણીલક્ષી પ્રવચનોમાં એવું કહી રહ્યાં છે કે મારે પાર્લામેન્ટમાં ૫૦ ટકા મહિલા પ્રતિનિધિત્વ જોઈએ છે...તેઓ જો તેમના શબ્દોને બળ આપે અને પાર્ટીને ફરજ પાડી શકે તો ગુજરાત સહિતના રાજ્યોમાં ૫૦ ટકા મહિલા ઉમેદવારો મેદાનમાં હશે. હવે જો આ ફોર્મ્યુલાનો ગુજરાતમાં અમલ કરવામાં આવે તો ૨૬ લોકસભા બેઠકો પૈકી ૧૩ બેઠકો ઉપર મહિલા ઉમેદવારો ગોઠવાઈ શકે છે. સવાલ એ છે કે કોંગ્રેસના પુરૂષ ઉમેદવારો તેમની જગ્યા મહિલાઓ માટે ખાલી કરશે..?!!

૨૦૦૯માં ભાજપે ત્રણ મહિલા ઉમેદવારોને ટીકીટ આપી હતી અને તે ત્રણેયનો વિજય થયો હતો જયારે કોંગ્રેસે બે મહિલાને ટીકીટ આપી હતી જે પૈકી એક મહિલાને સફળતા મળી હતી. ૨૬ બેઠકોમાં હાલ ચાર મહિલાઓ સંસદસભ્ય છે. સત્તામાં ૫૦ ટકા મહિલા ભાગીદારીનું સૂત્ર એટલે "ચાવવાના અને બતાવવાના જુદા છે..". હકીકતમાં પાર્ટીના સિનિયર નેતાઓ સત્તામાં ભાગીદારી કરવા ઈચ્છતા નથી. ચૂંટણીમાં મહિલાઓ સફળ થાય છે તે ૨૦૦૯માં પરિણામ બતાવી જાય છે...

બન્ને પાર્ટીના ૧૦ ઉમેદવારોની ટીકીટ કન્ફર્મ છે...

ભાજપ અને કોંગ્રેસમાં લોકસભાના ઉમેદવારોની પસંદગી કરવા માટે ભલે જિલ્લાના આગેવાનોની સેન્સ લેવામાં આવે, પાર્ટી હાઈકમાન્ડ તમામ ઉમેદવારોનું સિલેકશન કરી ચૂકી છે છતાં છેક છેલ્લી ઘડીએ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવશે. જેમની પાસે ચૂંટણી લડવાના રૂપિયાની કમી નથી તે ઉમેદવારોએ બીજા ઉમેદવારોને મદદ કરવી પડશે...પાર્ટીઓનો આ સિરસ્તો છે. ગુજરાતમાં એવી સાત બેઠકો છે જેમાં છેલ્લા ૨૫ વર્ષથી કોંગ્રેસના ઉમેદવારો ક્યારેય ફાવ્યા નથી, આ બેઠકો પૈકી અમદાવાદ અને ગાંધીનગર જેવી બેઠકો ઉપર આજેપણ કોઈ ઉમેદવાર ચૂંટણી લડવા તૈયાર થતા નથી, તેથી કોંગ્રેસને આયાતી ઉમેદવારો લાવવા પડે છે..!!

ભાજપમાં પોરબંદર બેઠકના સાંસદ વિઠ્ઠલ રાદડિયા, ભાવનગરના સાંસદ રાજેન્દ્રસિંહ રાણા, ભરૂચના સાંસદ મનસુખ વસાવા, નવસારીના સાંસદ સી.આર.પાટીલની ટીકીટ નિશ્ચિત માનવામાં આવે છે, જયારે કોંગ્રેસમાં પાટણના સાંસદ જગદીશ ઠાકોર, સુરેન્દ્રનગરમાં સોમાભાઈ પટેલ, રાજકોટમાં કુંવરજી બાવળીયા, આણંદમાં ભરત સોલંકી, દાહોદમાં ડો. પ્રભાબેન તાવિયાડ અને બારડોલીમાં તુષાર ચૌધરી ફિક્સ છે. આમ વર્તમાન સાંસદો પૈકી ૧૦ ઉમેદવાર પસંદગી કરવાની જરૂર નથી તેવું પાર્ટીને લાગી રહ્યું છે. નવા સંભવિત ઉમેદવારોમાં જૂનાગઢમાં કોંગ્રેસના આયાતી જસા બારડને ભાજપની લોકસભાની ટીકીટ મળે તેમ છે, જયારે સાબરકાંઠાની બેઠક ઉપર વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા દાવો કરી ચૂક્યાં છે...

પ્રદેશ પ્રમુખ બદલવાથી પરિણામ નહી મળે...

ગુજરાતમાં તૂટેલી કોંગ્રેસને મજબૂત કરવા પ્રદેશ પ્રમુખ બદલવાથી પરિણામ મળી શકે તેમ લાગતું નથી. પાર્ટીના પ્રદેશ નેતાઓના સ્વભાવ અને વર્તનમાં પરિવર્તન કરવાની આવશ્યકતા છે. પાર્ટીના કેન્ડિડેટ્સને હરાવવાની માનસિકતા જયાં સુધી નહી બદલાય ત્યાં સુધી કોંગ્રેસ ગુજરાતમાં વિજય મેળવી શકશે નહી. પાંચ વર્ષ સુધી મતભેદો અને મનભેદોમાં રાચતા ભાજપના નેતાઓ ચૂંટણી સમયે એક થઈ જાય છે, જયારે કોંગ્રેસમાં ચૂંટણી સમયે નેતાઓ દુશ્મન બનીને એક બીજાનો હિસાબ ચૂકતે કરવામાં લાગી જાય છે...

ભાજપના પ્રદેશ પ્રમુખ શંકરસિંહ વાઘેલા હોય કે અર્જુન મોઢવાડિયા, ભરત સોલંકી હોય કે તુષાર ચૌધરી.. કામ તો બાકી બચેલા નેતાઓ અને કાર્યકરો વચ્ચે લેવાનું છે... પાર્ટી હાઈકમાન્ડે ગુજરાતના સંગઠનને મજબૂત બનાવી લોકસભાના ૨૬ ઉમેદવારો ઝડપથી પસંદ કરીને જાહેર કરી દેવા જોઈએ કે જેથી છેલ્લી ઘડીએ જાહેર થતાં ઉમેદવારોથી પાર્ટીમાં ઉભો થતો વિખવાદ નિવારી શકાય.. બાકી તો વિધાનસભાની ચૂંટણીમાં કરેલી ભૂલોને લોકસભામાં રિપીટ કરવામાં આવશે તો પરિણામ સામે છે...માત્ર એક બે અને ત્રણ ગણવા પડશે.

મોદીના દુશ્મન કોણ છે તે કળવું મુશ્કેલ...

ભાજપમાં આપણને એવું લાગે છે કે પૂર્વ સંસદસભ્ય પુરૂષોત્તમ રૂપાલા અને મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે અણબનાવ છે. બન્ને વચ્ચે મનમેળ નથી. એવી હવા પણ ફેલાવવામાં આવી હતી કે રૂપાલા આમ આદમી પાર્ટીમાં ભળી જવાના છે, પરંતુ જેમ ચૂંટણી નજીક આવશે તેમ મોદી અને રૂપાલા વચ્ચે ગજબનું તાદામ્ય દેખાશે... મોદીની આ ખાસિયત છે.... રાજકારણમાં જેને મોદીનો દુશ્મન ગણવામાં આવે છે તે ખરા સમયે તેમનો મિત્ર સાબિત થાય છે...બીજા શબ્દોમાં કહીએ તો પાર્ટીમાં મોદીના દુશ્મન કોણ છે તે કળવું મુશ્કેલ છે...



વિધાનસભાની ચૂંટણી સમયે અમિત શાહ જેલમાં હતા અને આનંદીબેન પટેલના સમર્થકોએ અમદાવાદના સંગઠન ઉપર કબજો જમાવી દીધો હતો ત્યારે એવું લાગતું હતું કે અમિત શાહ છૂટશે ત્યારે બદલો લેશે...અમિત શાહને જામીન મળી ગયા અને તેઓએ રાજકીય ભૂમિ ઉપર ફરી પગ મૂક્યો ત્યારે તેમને સીધા રાષ્ટ્રીય રાજકારણમાં ભેળવી દેવામાં આવ્યા અને આજે તેઓ મોદીના ખાસ અને ઉત્તરપ્રદેશ ભાજપના પ્રભારી-હિરો બની ચૂક્યા છે. એ સમયે કહેવાતું હતું કે મોદી અને અમિત શાહ વચ્ચે અંતર છે.. આજે પાર્ટીના કાર્યકરોને કોઈ અંતર દેખાતું નથી...

૬૬માંથી ૨૪ અને ૧૮૪માંથી ૧૪૯ બેઠકો...

ગુજરાતમાં ૧૯૮૪માંખી કોંગ્રેસનો ઈતિહાસ હતો. કોંગ્રેસે ૨૬ પૈકી ૨૪ બેઠકો કબજે કરી હતી. એ વખતે સમગ્ર દેશમાં ઈન્દિરા ગાંધી માટે સહાનુભૂતિનો વેવ હતો... આજે પરિસ્થિતિ ઉલટી છે અને તેનો લાભ લેવા મોદીનો ટારગેટ કોંગ્રેસના આ રેકોર્ડને તોડવાનો છે. ૧૯૮૪માં મહેસાણામાંથી એકમાત્ર ભાજપના ઉમેદવાર ડો.એ.કે.પટેલ લોકસભામાં ચૂંટાઈ આવ્યા હતા, જે સમયે સમગ્ર દેશમાં ભાજપની માત્ર બે બેઠકો હતી. બીજા ઉમેદવાર જનતા પક્ષના એચ.એમ.પટેલ હતા. તેઓ સાબરકાંઠાની બેઠક ઉપરથી વિજયી બન્યા હતા. લોકસભાની જેમ વિધાનસભમાં પણ કોંગ્રેસનો દબદબો હતો. કોંગ્રેસને ૧૮૨માં ૧૪૯ બેઠકો મળી હતી. આ રેકોર્ડ હજી તૂટ્યો નથી...

ગુજરાતમાં ભાજપે ૧૯૮૮ પછી મોટાપાયે પગપેસારો કર્યો. ૧૯૮૯માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપ-જનતાદળની યુતિને ૨૩ બેઠકો પ્રાપ્ત થઈ હતી, જયારે કોંગ્રેસને ત્રણ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. ૧૯૯૧માં ભાજપને રામ રથયાત્રાએ યારી આપી અને ૨૦ બેઠકો ચરણે ધરી દીધી, પરંતુ ૧૯૯૬માં ભાજપની બેઠકો ઘટીને ૧૬ અને ૧૯૯૮માં ૧૯ થઈ હતી. ૧૯૯૯માં ભાજપને ૨૦ અને ૨૦૦૪માં ૧૪ બેઠકો મળી હતી. છેલ્લે ૨૦૦૯માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપને ૧૫ બેઠકો પ્રાપ્ત થઈ હતી. મોદીએ વિધાનસભાની ચૂંટણીમાં ૨૦૦૨માં તેમની ભાજપની કેશુભાઈ પટેલની સરકારનો ૧૨૧ બેઠકોનો રેકોર્ડ તોડીને ૧૨૭ બેઠકો હાંસલ કરી દીધી પરંતુ તેઓ હજી લોકસભાનો રેકોર્ડ તોડી શક્યા નથી...

તૂટેલી કોંગ્રેસ ભાજપ દ્વારા વધુ મરોડાય છે...

લોકસભાની ચૂંટણીમાં ભાજપને કેવળ કોંગ્રેસથી ડર છે અને બીજી પાર્ટીઓને ભાજપથી ડર છે. દેશના પ્રાદેશિક પક્ષોને જન્મ આપનાર કેવળ કોંગ્રેસ છે. પાર્ટીમાં ખટરાગ ઉભો થતાં પ્રાદેશિક લિડર નવી પાર્ટીને જન્મ આપતો જોવા મળ્યો છે. કોંગ્રેસના વર્તમાન સિનિયર નેતાઓ જાણે છે કે આ વખતે કોંગ્રેસની બેઠકોમાં ચોકાવનારો ઘટાડો થવાનો છે પરંતુ તેમને એવી ધરપત છે કે ભાજપ સિવાયના પક્ષોનો કોંગ્રેસ ટેકો લેશે અથવા ટેકો આપશે, દેશની એનડીએ સમર્પિત પાર્ટીઓનો એક જ એજન્ડા છે કે ભાજપને સરકાર બનવાની તક મળે નહી...

બીજી તરફ ભાજપના એકમાત્ર નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં એવી મોદી લહેર ફેલાવી દીધી છે કે તેઓ જે બોલે છે તે સત્ય થઈ જાય છે અને તેમની સામે જે બોલે છે તેને મૌન કરી દેવામાં આવે છે. ચૂંટણીના માઈક્રો પ્લાનિંગમાં નરેન્દ્ર મોદી માસ્ટર માઈન્ડ છે અને તે આપણા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા પણ સારી રીતે જાણે છે. આ શંકરસિંહને પહેલાં રાજકારણમાં લોકો સરકાર તોડવાના માસ્ટર કહેતા હતા. ૧૯૯૫?? એ બળવો ભાજપ હજી પણ ભૂલી શક્યું નથી.. ભાજપમાં વડાપ્રધાનના દાવેદારો ચૂપચાપ સત્તાના ખ્વાબ જોઈ રહ્યાં છે. મિશન-૨૭૨?? પાર પાડવા માટે તમામ એક થઈ તૂટેલી કોંગ્રેસને વધારે મરોડી રહ્યાં છે....

ખુલ્લા બજારની લોન ૧૫,૦૦૦ કરોડે પહોચી...

આપણી ગુજરાત સરકાર પણ લોકપયોગી કાર્યો કરવા લોન લેતી હોય છે. ભારતીય રીઝર્વ બેન્કે દરેક સરકારને મર્યાદામાં લોન લેવાની પરવાનગી આપી છે. નાણા વિભાગના પ્રાપ્ત થયેલા આંકડા પ્રમાણે છેલ્લા એક જ વર્ષમાં ગુજરાતે ૧૫૫૪૬ કરોડ રૂપિયાની લોન લીધી છે. એ હિસાબે જોઈએ તો સરકાર ચલાવવા માટે દર વર્ષે ૧૦ થી ૧૫ હજાર રૂપિયાની લોન લેવી પડે છે. સરકારની વેરાની આવકો છતાં બજેટમાં રૂપિયાની તંગી વર્તાય છે. જો સરકારની આવી હાલત

● અનુસંધાન પાન-૬ પર

ગુજરાત સરકારની માર્કેટ લોનનો આંકડો ૧૫,૦૦૦ કરોડ સુધી પહોંચ્યો

લિડરોની હિસાબ ચૂકતે કરવાની જીદ બદલાય તો કોંગ્રેસને ફાયદો

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત